આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-03-05-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે

રાજ્યમાં આગામી 7મી મેના રોજ લોકસભાની 25 અને ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે યોજાનાર ચૂંટણીનો જાહેર પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો પોતપોતાના ઉમેદવારના સમર્થનમાં જાહેર સભાઓ અને રેલીઓ યોજી મતદારોને રીઝવવા પ્રયાસો કરી રહ્યા છે.

**RNU અમદાવાદ**

---

## નરેન્દ્ર મોદી- ચૂંટણી સભાઓ

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આણંદ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરમાં ચુંટણી પ્રચાર કરતાં જાહેરસભાઓ સંબોધી હતી.

જામનગરમાં જાહેરસભાને સંબોધતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર સાથેના તેમના જુના સંભારણાઓ તાજા કર્યા હતા. શ્રી મોદીએ સુદર્શન બ્રીજ, જામનગર અમૃતસર ધોરીમાર્ગ, વિશ્વ આરોગ્ય સંસ્થાનું આયુર્વેદિક સેન્ટર, વંદે ભારત ટ્રેન, સુધીના અનેક વિકાસકાર્યો દ્વારા જામનગર અને દ્વારકામાં વિકાસકામો કરવામાં આવ્યા છે તેમ જણાવ્યું હતું. આ અગાઉ જામનગરના રાજવી જામસાહેબે તેમના નિવાસસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. આ

RNU BHUJ

પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, જામનગરના ઉમેદવાર પૂનમ માડમ, પોરબંદર વિધાનસભા બેઠકના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જુનાગઢ આણંદ ,ખાતે પણ તેમણ ચૂંટણી સભાને સંબોધી હતી .

**RNU અમદાવાદ**

---

## કોંગ્રેસના અશોક ગેહલોતે ભાજપ પર પ્રહાર કર્યા

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના અગ્રણી નેતા અશોક ગેહલોત લોકસભા ચૂંટણી પ્રચાર અર્થે અમદાવાદના પ્રવાસ દરમિયાન રાજીવ ગાંધી ભવન ખાતે તેમણે પત્રકાર પરિષદ યોજી ભાજપ પર પ્રહાર કર્યા હતા.

શ્રી ગેહલોતે ઈલેક્ટોરલ બૉન્ડ અંગે પણ સરકારની ટીકા કરી હતી. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર કાળું ધન, અચ્છે દિન, ખેડૂતોની આવક બમણી કરવા સહિતના મુદ્દે પ્રહાર કર્યા હતા.

**RNU અમદાવાદ**

---

## આમ આદમી પાર્ટીના સુનિતા કેજરીવાલ- રોડશો

તો બીજીતરફ ભાવનગર અને ભરૂચ લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં સુનીતા કેજરીવાલે બોટાદ અને દેડીયાપાડામાં રોડ શો કર્યો હતો.

**RNU અમદાવાદ**

---

## કેન્દ્રીય ચૂંટણીપંચે માર્ગદર્શિકા જાહેર કરી

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષોને માર્ગદર્શિકા જાહેર કરતાં તમામ પક્ષોને કોઈ પણ જાહેરાત, સર્વે અથવા એપ દ્વારા ચૂંટણી પછી

લાભાર્થીલક્ષી યોજનાઓ માટે વ્યક્તિઓની નોંધણી સાથે સંકળાયેલી કોઈ પણ પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરવા અને તેનાથી દૂર રહેવા જણાવવામાં આવ્યું છે.

પંચે જણાવ્યું હતું કે મતદાન પછીના લાભો માટે નોંધણી માટે મતદારોને આમંત્રિત કરવાથી મતદાર અને પ્રસ્તાવિત કરાયેલા લાભ વચ્ચેના વ્યવહારિક સંબંધની જરૂરિયાતનો આભાસ કરાવે છે. પંચે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જોગવાઈઓ અનુસાર આવી જાહેરાતો સામે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------------

## ખાણ ખનિજ કામદારોમાં મતદાન જાગૃતિ અંગે બેઠક

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી સ્વીપ અંર્તગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાએ ખાણ-ખનીજ ઉદ્યોગકારો સાથે મતદાન જાગૃતિ સંદર્ભે બેઠક યોજી હતી. જેમાં ખાસ કરીને ખાણમાં કામ કરતા કામદારો અચૂક મતદાન કરે તે માટે વિસ્તૃત સમજણ આપવા અને મતદાન જાગૃતિ પ્રવૃતિ કરવા જણાવાયું હતું. કામદારોને ૭મી મેના મતદાનના દિવસે પેઇડ લીવ આપીને મતદાન બૂથ સુધી પહોંચાડવા, જરૂરી વાહન વ્યવસ્થા ઉભી કરવા ઉપરાંત કામદારોને મતદાનનું મહત્વ, મતદાન કરવા જતી વખતે કયા આધાર પુરાવાઓ સાથે રાખવા સહિત પ્રથમ વખત મતદાન કરનારને પ્રોત્સાહિત કરવા સહિતની સમજણ અપાઈ હતી .

**મા.ખા**

------------------------------------------------------------------------------

## હિટવેવની આગાહી

કચ્છ, સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં આવનારા પાંચ દિવસ દરમ્યાન હીટવેવની ચેતવણી હવામાન તંત્રે તેની વેબસાઈટ પરથી ગઈકાલે સાંજે આપી હતી. રાજ્યના હવામાન વિભાગે ગરમીનાં મોજાંને ગંભીરતાથી ધ્યાને લેતાં કારણ વિના બહાર નહીં નીકળવાથી માંડીને હળવા, સુતરાઉ વસ્ત્રો પહેરવા તેમજ ખુલ્લાં માથે નહીં નીકળવા જેવી સલાહો આપી છે. જિલ્લા મથક ભુજમાં 40.6 ડિગ્રી સેલ્સિયસ ઉચુ ઉષ્ણતામાન નોંધાતા આકરા તાપનો અનુભવ થયો હતો .કંડલા એરપોર્ટ પર 40.2 ડિગ્રી સાથે અંજાર, ગળપાદર, વરસામેડીમાં પણ તીવ્ર તાપ અનુભવાયો હતો . રાપરમાં 40, ખાવડામાં 38 ,માંડવી, મુંદરામાં 34 ડિગ્રી ઉચુ ઉષ્ણતામાન નોધાયું હતું .

**N.P**

---

## ક્રિકેટ

આઇપીએલની ગઈકાલની મેચમાં સનરાઇઝર હૈદરાબાદ ટીમે રાજસ્થાન રોયલ્સની ટીમ સામે માત્ર એક રનથી વિજય મેળવ્યો હતો. હૈદરાબાદ ટીમે 3 વિકેટનાં ભોગે 201 રન કર્યા હતા. જવાબમાં રાજસ્થાન ટીમે 7 વિકેટ ગુમાવી 200 રન કરતા એક રને હાર ખમવી પડી હતી.

**પટણીભાઈ**

---